## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સ્વાર્થની આ તો છે ભક્તિલીલા બધી,
આત્મપૂજા વિના શૂન્ય આરો નથી.
એક ઈશ્વરને માટે મમત કેટલો ?
એક શ્રદ્ધાને માટે ધરમ કેટલા ?

- 'શૂન્ય' પાલનપુરી

### પાથેય

- રમેશ ઠક્કર

## એકલતાનો ઇલ્કાબ

એકલા પડી જવું એ માનવજાતની નિયતિ છે..ઈશ્વરે આપણને લાગણીઓ આપી છે..અને પ્રત્યેક લાગણીની પ્રતિચ્છાયા હંમેશાં માગણી હોય છે! માણસની ઈચ્છાનું જયારે બાષ્પીભવન થાય છે ત્યારે,અંતરમન વેરાન થઈ જાય છે..જેમાં એકલતાના સૂના કિનારા આપણને ડંખે છે..શોરબકોરનું સંગીત સહુ કોઈને પણ ગમતું હોય છે..

એકલતાને ઝીલતો માણસ જો સંવેદી શકે તો પોતાની અંદરના લયને આત્મસાત કરી શકે છે.કવિ રાજેન્દ્ર શાહ આને જ કદાચ 'શાંત કોલાહલ' કહેતા હશે! જીવનનો મધુર 'ધ્વનિ' ત્યારે જ પ્રગટે છે જયારે,પોતાની એકલતાને આપણે એકાંતમાં પરિવર્તિત કરી શકીએ..જીવનનો એક આખો પટ હોય છે પણ જીવવા માટે તો છુટક છુટક નાની પણ હોય છે..એ વેરાયેલી ક્ષણોનો પુષ્પગુચ્છ એ જ જીવનની ઉપલબ્ધિ છે.

આમ જોઈએ તો એકાંતવાસ એ અનોખો સહવાસ છે..જયાં પોતીકી હળવાશ માણસને ઉન્નત આકાશ તરફ લઈ જાય છે..માણસની તલાશ હંમેશાં ટોળું હોય છે..એકલવીર હોવું એ કદાચ ઈલ્કાબ છે..!

એવું કહેવાય છે કે એકલો માણસ હંમેશાં બહુમતિમાં હોય છે! એકલતાને ભેદવા માટે ટોળું જોઈએ..ટોળું કયારેય હૂંફાળું ના હોઈ શકે...આજનો માણસ એટલે આમ જોઈએ તો ટોળાની શૂન્યતા...આપણને સમજી શકે એવું એકાદ જણ જો મળી જાય તો પણ સરસ મજાની મહેફિલ બની જાય છે..આપણે જાણેઅજાણે ભીડને વૈભવ માની મલકાતા રહીએ છીએ.

માણસ એકાકી પ્રાણી છે..એના બેકગ્રાઉન્ડમાં ઝંખનાનો કાટમાળ ભર્યો હોય છે..આપણે નિર્લેપભાવે આપણી અંદરની અભિપ્સાને સંવેદીએ તો આપણા મનની અતળતાનો ઉઘાડ અનુભવી શકીએ છીએ..જેના થકી એકાંત પ્રગટતું હોય છે..શાંત મનનો સર્વોચ્ચ ભાવ એટલે એકાંત...એકલતાની અકળામણ હોય,એકાંતનું અનોખું આભરણ હોય છે..આ સીધીસાદી વાતને સમજવામાં જ આપણું અડધું આયખું પુરૂં થઈ જતું હોય છે.

અંદરનો અવાજ ભલે શાંત પણ એનો નાદ અનોખો હોય છે..બહારનો કોલાહલ ઘોંઘાટ હોઈ શકે અંદરનો શાંત કોલાહલ એ જીવનનો લય છે..જેમા 'કલાપી' કહે છે એમ આદમબદમ ઝીણી સિતારીનો મધુર રવ...પરમપ્રાપ્તિનો પગરવ બનીને છવાઈ જતો હોય છે..એકાંતની સમાધી મૌનમાં લીન થાય છે ત્યારે કમળતંતુ જેવી નાજુક સ્થિરતા આપણા સમગ્ર ચિતતંત્રને અનોખી ઉંચાઈ ઉપર લઈ જતી હોય છે..!

# કોંગ્રેસમાં વરિષ્ઠોની માઠી દશા બેઠી છે

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રીય પ્રભાવ ધરાવતા રાજકીય સંગઠન તરીકે દિવસે દિવસે ક્ષીણકાય થતી જતી રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના ૨૮ ડિસેમ્બર, ૧૮૮૫માં થઈ હતી. અંગ્રેજ શુભેચ્છક હ્યુમના પ્રસાયોથી, બંગાળના વ્યોમેશચંદ્ર બોનરજીએ એના પહેલા અધ્યક્ષ બનાવાયા હતા. એ વખતે કોંગ્રેસ સ્વાતંત્ર્ય માટે ઝઝૂમતું સંગઠન નહોતું. એ તો બ્રિટિશ સરકાર પાસેથી ભારતીય નાગરિકોને વધુ ન્યાય અને મહત્વ મળે અને બ્રિટિશ સત્તાધીશો દેશી પ્રજાને કનડે - નડે નહીં એવી નમ્ર માગણીઓ સાથે શરૂ થયેલું સંગઠન હતું. બ્રિટિશ સત્તાધીશો અને અંગ્રેજીમાં દીક્ષિત થયેલા ભારતીયો ત્યારે મિશનરીઓના પ્રભાવ હેઠળ ખ્રિસ્તી ધર્મ સ્વીકારી વધુ ગૌરવ અનુભવતા હતા. રાષ્ટ્રીય અને ભારતીય સ્વરુપ લોકમાન્ય ટિળક અને ગોપાળકૃષ્ણ ગોખલેના સમયગાળામાં સાંપડ્યું. 'સ્વરાજય'ની અહાલેક તો મહર્ષિ દયાનંદ સરસ્વતીએ જગાવેલી, પરંતુ એમનું વિશેષ લક્ષ ધાર્મિક અને સામાજિક સુધારાઓ પ્રત્યે જ રહ્યું હતું. મહાત્મા ગાંધીએ કોંગ્રેસને રાષ્ટ્રીય આંદોલનમાં ફેરવી દીધી અને અહિંસાત્મક અસહકાર જેવી વિશિષ્ટ લડાયક શૈલીને લીધે આખી દુનિયાનું ધ્યાન ખેંચી શક્યા. કોંગ્રેસ સત્તામાં આવી ત્યારે મહાત્મા ગાંધીના જ ડાબા-જમણા હાથ જેવા પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલ એના કર્તાહર્તા હતા. કાળક્રમે કોંગ્રેસ એક પારિવારિક નેતૃત્વ હેઠળ સરકી જતાં એનો ધીમો વિનિપાત શરૂ થયો જે સમયે સમયે એમાંથી તૂટતાં જતાં વિદ્રોહી જૂથો પછી અત્યારે 'સોનિયા - રાહુલ - પ્રિયંગા એન્ડ કું.' સ્વરુપે ટકી રહેલ છે. આ પ્રાઈવેટ લિમિટેડ કંપની એના સિનિયર શુભેચ્છકોને એક પછી એક નારાજ કરી રહી છે અને નવા વછેરાઓને મહત્ત્વ આપી મોદી જેવા પ્રચંડ મહારથી સામે બાથ ભીડવા મથી રહી છે. પંજાબમાં કેપ્ટન અમરિંદર સિંહના નેતૃત્વમાં સળંગ બે ટર્મ સુધી સત્તામાં રહ્યા પછી બરાબર ચૂંટણી ટાણે જ એણે ભાજપમાંથી આવેલા અને પોતાની શરતે પાર્ટી ચલાવવા માગતા પૂર્વ ક્રિકેટર નવજોત સિદ્ધુને વધુ મહત્ત્વ આપી જૂના જોગી તથા ગાંધી પરિવારના વફાદાર સૈનિક તરીકેની છાપ ધરાવતા મુખ્યમંત્રીને હટાવી દીધા છે અને સ્થાનિક પાર્ટી ઊભી કરી ભાજપ સાથે ગઠબંધન કરવા મજબૂર કર્યા છે. નવજોત સિધ્ધુને તો નવા મુખ્યમંત્રી સામે પણ ઘણા વાંધાવચકા છે પરંતુ કહેવાતા હાઈકમાંડે એમને કદાચ ખાનગીમાં કહેવા જેવું કહી દઈ આગળ વધવાની લીલી ઝંડી આપી લાગે છે. ગોવાના પૂર્વ મુખ્યમંત્રી લુઈઝાન્હો ફાલેરિયાએ મમતા બેનરજીની પાર્ટી સાથે જોડાઈ જવું પડ્યું છે. ગુજરાતમાં એક માત્ર 'માસ લીડર' તરીકે મોદીને ટક્કર આપી શકે એવાં શંકરસિંહ વાઘેલાને પાર્ટીની જૂથબંધી અને હાઈકમાન્ડની સતત અવગણના ને પગલે કોંગ્રેસ છોડવી પડી હતી જેનું નુકશાન ઊડીને આંખે વળગે એવું હતું. પાર્ટી '૧૭ની ચૂંટણીમાં થોડી બેઠકો માટે સત્તામાં આવતી રહી ગઈ હતી. વાઘેલા પાર્ટીમાં હોત તો એટલી જ બેઠકો મળી હોત તો પણ તોડફોડ કરીને મુખ્યમંત્રી બની ગયા હોત અને ગુજરાત ભાજપના સુદીર્ઘ સકંજામાંથી મુક્ત થઈ શક્યું હોત. હવે વારો આવ્યો છે પાર્ટીના 'ટ્રબલશૂટર' તરીકે સતત કાર્યરત રહેલા હરીશ રાવતનો. ઉત્તરાખંડના સર્વાધિક લોકપ્રિય નેતાને અવગણીને પંજાબના પ્રભારી તરીકે હટાવ્યા પછી હવે એમને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે આગળ ધરવા બાબતે ગાંધી પરિવારમાં જ મતભેદો ઊભા થયા હોય એવું લાગે છે. એથી વ્યથિત રહેલા રાવતે એમનો ખુલાસો બળાપો રજૂ કરતાં નિવેદનો ટ્વિટર પર મૂક્યાં છે. ચૂંટણીનો દરિયો તરવો છે પણ એમાં હાઈકમાંડે જ કોંગ્રેસના આ જૂના જોગીને હાથપગ બાંધી દીધા છે અને મગરમચ્છો છોડી મૂક્યા છે. આવા આક્રોશ છતાં હરીશ રાવત ભગવાન કેદારનાથની કૃપા ઉતરશે એવી આશા સાથે મેદાન છોડી જવા માગતા નથી. કયારેક શંકરસિંહ વાઘેલાએ એમની પ્રાદેશિક પાર્ટી માટે અપનાવેલું મહાભારતનું અર્જુનસૂત્ર - ન દૈન્યં ન પલાયનમ્ - એમણે પણ સ્વીકાર્યું છે. પરંતુ ખરાં ટાંકણે હાઈકમાંડે એમને પણ ગુજરાતના શંકરસિંહ વાઘેલા કે પંજાબના કેપ્ટન અમરિંદરની જેમ રસ્તો નહીં જ દેખાડી દે એની કશી ખાતરી નથી. કેપ્ટને તો એમના જૂના સાથીને 'કર્યા કરમ ભોગવો' જેવા કટાક્ષ સાથે કદાચ પાર્ટી છોડી દેવાનું ઈજન જ પાઠવી દીધું છે !

# આ સંપત્તિ રાજયની છે, તારા તામસી આનંદ માટે નથી



અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

બિહારના આ ગામમાં ચંપાના ફૂલો બહુ થાય. ગામનું નામ જ ચંપાવતી પડી ગયું. આ નગરીના રાજા માહિષ્મત હતા. રાજા ન્યાયપ્રિય અને પ્રજાવત્સલ. માહિષ્મતને ચાર પુત્રો હતા. તેમાં મોટાનું નામ લુમ્પક હતું.

પરંતુ લુમ્પકે તો રાજાનું નામ બોળ્યું. ભારે દુરાચારી અને પાપી. તમામ પ્રકારના વ્યસનો. વળી આ માટે જે પૈસા જોઈએ. એ રાજકોષમાંથી ઉઠાવે. દારૂ, જુગાર, વેશ્યાગમન બધું આમાથી. બહુ થયું એટલે રાજયના કોશાધ્યક્ષે રાજાનું ધ્યાન દોર્યું.

માહિષ્મતે આ અધિકારીને તાત્કાલિક આદેશ આપ્યો કે 'એ ભલે પાટવી કુંવર હોય, એને ફૂટી કોડી પણ ન આપવી.' એણે લુમ્પકને બોલાવ્યો, એને સમજાવ્યો. ન માન્યો એટલે ધમકી આપી, 'આ સંપત્તિ રાજયની છે, તારા તામસી આનંદ માટે નથી. તને આમાંથી ફૂટી કોડી પણ નહિ મળે.'

પરંતુ લુમ્પકમાં કશો ફેર પડ્યો નહીં; એટલે રાજાએ એને દેશનિકાલની સજા ફટકારી. પ્રજાજનો હેરતમાં પડીગયા. લુમ્પકે દેશ છોડી દેવો પડ્યો.

નગરની સરહદે ગાઢ વન હતું. એણાં વચ્ચોવચ્ચ પીપળાનું ઊચું મોટું વૃક્ષ હતું. એની નીચે લુમ્પકે પોતાનો વાસ કર્યો. એની નીચે રહે. પરંતુ હવે એને છૂટો દોર મળી ગયો. એના ઉપર કોઈ નિયંત્રણ ન રહ્યું. દિવસે વનમાં રહે. રાત પડે એટલે નગરમાં આવે. ઉત્પાત મચાવે. લૂંટફાટ કરે. પોતાની મનમાની કરે. રાત્રિના નગરરક્ષકો ફરતા હોય. એ લોકોને હાથે પકડાઈ જાય. વારંવાર પકડાય પરંતુ દરેક વખતે નગર રક્ષકો એને છોડી મૂકે. જાણે કે રાજાની આમન્યા જાળવે.

પરંતુ હવે કંઈક આશ્ચર્ય થયું. એ વનમાં ફરતો હતો. એણે એક પર્ણકુટિ જોઈ. ઝૂંપડીમાં કોઈક સંત મહાત્મા હતા. એના સંપર્કમાં આવ્યો. લુમ્પકમાં હૃદયપરિવર્તન થવા લાગ્યું. એમાં ત્રણ કારણો હતા. (૧) સંત મહાત્માનો સત્સંગ (૨) એ જે વન હતું, તે દેવોને પ્રિય હતું. અહીં એમની અપ્રગટ આવનજાવન હતી. (૩) એ પીપળા નીચે રહેતો. પીપળામાં નારાયણ ભગવાન વિષ્ણુનો વાસ ગણાય...

એકવાર માગશર વદ અગિયારશ હતી. એ વનમાં ખૂબ ભટક્યો. પરંતુ એને ખાવાનું કશું ન મળ્યું. હૃદયમાં પરિવર્તન હતું. એટલે એણે શિકાર ન કર્યો. ફળ એકઠાં કર્યાં, પરંતુ વૃક્ષ ઉપરથી તોડેલા નહીં, જમીન ઉપર પડેલાં. આ ફળ પણ એણે ખાધાં નહીં.

સાંજ પડી. સૂર્યાસ્ત થયો. લુમ્પક પીપળા પાસે આવ્યો. એણે ભગવાન નારાયણને આ ફળ અર્પણ કર્યાં. ખાધા નહીં. સૂવા ગયો. પરંતુ એને નિંદર ન આવી. આ રીતે એણે જાગરણ કર્યું. ઉપવાસ કર્યો. ભૂખ્યા રહીને ફળ નારાયણને અર્પણ કર્યાં. ભગવાન એના પર પ્રસન્ન થયા. એનાં પાપ ધોવાઈ ગયા. ભગવાનની એના પર કૃપા વરસી. ભગવાનના આદેશથી એ ચંપાવતી પાછો ફર્યો. રાજાએ એનો પ્રેમથી સ્વીકાર કર્યો.

આ એકાદશી બનીગઈ સફળા એકાદશી. લુમ્પકે ફળ સાથે ઉપાસના કરી હતી. આ એકાદશી એને સારી રીતે ફળી.

### દિન મહિમા

- રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ
વૈશ્વિક અર્થકારણમાં ગ્રાહકોનું મહત્ત્વ સ્વીકારી તેમનું શોષણ અને અન્યાય અટકાવવા માટે વિશ્વભરના રાષ્ટ્રોમાં ગ્રાહકોની જાગૃતિ ઠોસ કદમ ઉઠાવવાના નિર્ધાર સાથે સંયુક્ત રાષ્ટ્રોએ ૧૫મી માર્ચને જે રીતે વિશ્વ ગ્રાહક દિવસ જાહેર કરેલ છે તે જ રીતે આપણી રાષ્ટ્રીય સરકારે છેલ્લા ૧૨ વર્ષથી દેશભરમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના આક્રમણ સામે ગ્રાહકોને રક્ષણ આપવા અને તેમાં જાગૃતિ લાવવા ગ્રાહકોને રક્ષણ આપવા અને તેમાં જાગૃતિ લાવવા પ્રતિ વર્ષ ૨૪મી ડિસેમ્બરે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન ઊજવાય છે.

### આજનું ઔષધ

- ઉમરાના પાનની લુગદી ગમે તેવા તાજા ઘા પર બાંધવાથી તે જલદી રુઝાય છે.

### ખડખડાટ

- મારા ફોનમાં બેંકમાંથી ફોન આવ્યો મન કહે : કવિતા બોલું છું. મેં કીધું - આખી આવડતી હોય તો જ બોલજે.
એને ગુસ્સો આવ્યો - નોનસેન્સ કહી ફોન કાપી નાખ્યો.

### આજનો વોટ્સએપ

- શબ્દ પરથી માણસની કિંમત કયારે પણ ન કરી શકાય, લીંબડો કડવો અને ખાંડ મીઠી હોય છે પણ બંનેમાંથી શ્રેષ્ઠ કોણ એ તો લાંબા સમયે જ અનુભવ થાય છે.

# 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' કયા દિવસે ઉજવાય છે ?

### ભારતની અર્થવ્યવસ્થા

૧ વિશ્વમાં સૌપ્રથમ 'ગરીબી રેખા'નો ખ્યાલ કોણે આપ્યો ?
(અ) લોડ લ્યોડ (બ) કેલ્વિન
(ક) એડમ સ્મિથ (ડ) જહોન બર્ડ

૨ નીચેનામાંથી કોણ રાષ્ટ્રીય વિકાસ પરિષદના સભ્ય હોતા નથી ?
(અ) સંઘીય મંત્રીમંડળના બધા સદસ્યો (બ) રાજયોના મુખ્યમંત્રી
(ક) કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટદારો (ડ) રાજયોના રાજયપાલ

૩ નીચેનામાંથી નિર્ધનતાનું કારણ શું છે ?
(અ) ભુમિ દ્વારા વધુ ઉપજ (બ) ફેકટરી દ્વારા થોક ઉત્પાદન
(ક) શ્રમની ઓછી ઉત્પાદકતા (ડ) સંગ્રાહક ખોરી

૪ હરિતક્રાન્તિથી કયા કૃષિ ઉત્પાદનમાં ખુબ ફાયદો થયો?
(અ) શાકભાજી (બ) ઘઉં ઉત્પાદનમાં
(ક) કઠોળ ઉત્પાદનમાં (ડ) ઉપરનાં ત્રણેયમાં

૫ વિશ્વની શ્રેષ્ઠ ૫૦૦ કંપનીઓમાં ભારતની કંપનીને સ્થાન મળ્યું છે ?
(અ) આઈઓસી (બ) ટાટા સ્ટીલ
(ક) સેઈલ (ડ) ઓનએનજીસી

૬ ક્વૉટા શું છે ?
(અ) આયાતમાં લગાવવા આવેલ કર (બ) આયાત કરવાની સીમા
(ક) પૂંજીગત પદાર્થની આયાત (ડ) નિકાસ કરવાની સીમા

૭ વિશ્વમાં ચાના ઉત્પાદનાં કોણ અગ્રેસર છે ?
(અ) ભારત (બ) ચીન
(ક) શ્રીલંકા (ડ) જાપાન

૮ ફુગાનો સંબંધ કોની સાથે છે ?
(અ) અતિ ઉચ્ચ કિંમત સાથે (બ) ઘટતી જતી કિંમત સાથે
(ક) વધતી જતી કિંમત સાથે (ડ) અતિ નિમ્ન કિંમત સાથે

૯ કઈ યોજનાથી ઉદ્યોગિકરણની શરુઆત થઈ ?
(અ) પ્રથમ (બ) દ્વિતીય
(ક) તૃતીય (ડ) ચોથી

૧૦ 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' કયા દિવસે ઉજવાય છે ?
(અ) ૨૪ સપ્ટેમ્બર (બ) ૨૪ નવેમ્બર
(ક) ૨૪ ઓકટોબર (ડ) ૨૪ ડિસેમ્બર

૧૧ ઈકો માર્ક કઈ વસ્તુને અપાય છે ?
(અ) વ્યાજબી કિંમતવાળી વસ્તુને (બ) બિન નાશવંત વસ્તુને
(ક) પર્યાવરણ મિત્ર વસ્તુને (ડ) આંતરરાષ્ટ્રીય ગુણવત્તાવાળી વસ્તુને

૧૨ ભારતમાં આવકવેરા કોણે દાખલ કર્યો ?
(અ) સર મેકોલોએ (બ) જેમ્સ વિલિયમે
(ક) ચાર્લ્સ વુડ (ડ) વિલિયમ જોન્સે

૧૩ સર્વિસ ટેક્સમાં સૌથી વધુ ફાળો કયા ક્ષેત્રમાં છે ?
(અ) વીમા (બ) જાહેરાત
(ક) ટેલિફોન (ડ) બેન્કીંગ

૧૪ ભારતમાં રાષ્ટ્રીય આવકના આંકડા તૈયાર કરનાર સંસ્થા કઈ છે?
(અ) ભારતીય રીઝર્વ બેંક (બ) નાણાં વિભાગ
(ક) સેન્ટ્રલ સ્ટેટેસ્ટીકલ ઓર્ગેનાઈઝેશન (ડ) આયોજન આયોગ

૧૫ હોદ્દાની રુએ આયોજન પંચના ચેરમેન કોણ હોય છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) પ્રધાનમંત્રી
(ક) આયોજન મંત્રી (ડ) નાણામંત્રી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૪ ડિસેમ્બર :
  - અમેરિકા અને ગ્રેટ બ્રિટને ૧૮૧૨ના યુદ્ધના અંત માટે બેલ્જિયમ ખાતે કરાર કર્યો (૧૮૧૪)
  - મશહુર અમેરિકન લેખિકા સ્ટેફની મેયરનો જન્મદિવસ (૧૯૭૩)
  - બીજા વિશ્વ યુદ્ધમાં એલોઈડ એક્ષપેન્ડેટરી ફોર્મના સુપ્રીમ કમાન્ડર તરીકે ડવાઈન ડી. આઈસનપોરની નિમણુંક કરવામાં આવી (૧૯૪૩)
  - સમાજ સુધારક અને સંવેદનશીલ સાહિત્યકાર સાને ગુરુજીનો જન્મદિવસ (૧૮૯૯)
- ૨૫ ડિસેમ્બર : નાતાલ
  - ઈજીપ્તના પ્રેસીડેન્ટ અનવર સદાતનો જન્મદિવસ (૧૯૧૮)
  - સોવિયેત યુનિયનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ મિખાઈલ ગોર્બેચોવે પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું (૧૯૯૧)
  - મશહુર બ્રિટીશ કોમેડિયન ચાર્લી ચેપ્લીનનું સ્વીત્ઝર્લેન્ડમાં અવસાન થયું (૧૯૭૭)
  - રાજાજીના નામથી જાણીતા ચક્રવર્તી સી ગોપાલાચારીનં નિધન (૧૯૭૨)
- ૨૬ ડીસેમ્બર :
  - ભારતના દક્ષિણ ભારતના દરિયા કાંઠે ત્સુનામી આવતાં હજારો લોકોનાં મોત થયાં (૨૦૦૪)
  - અમેરિકાના ૩૮માં રાષ્ટ્રપ્રમુખ ગેરાલ્ડ આર.ફોર્ડનું અવસાન (૨૦૦૬)
  - રવાન્ડાના જંગલોમાં રહેતા ગોરીલા વાનરો પર સંશોધન કરનાર અમેરિકન જુઓલોજીસ્ટ ડીયાન ફોસીની હત્યા કરવામાં આવી (૧૯૮૫)
  - ઉર્દૂ કવિતાને અદ્ભૂત રંગ આપનાર શાયર મિરઝા ગાલીબનો જન્મદિવસ (૧૯૬૭)
- ૨૭ ડિસેમ્બર :
  - ડચ પ્રજાના કબજામાંથી ઈન્ડોનેશિયા મુક્ત થઈ સ્વતંત્ર થયું (૧૯૪૯)
  - ફ્રેન્ચ કેમિસ્ટ અને માઈક્રોબાયોલોજીસ્ટ લુઈ પાશ્ચરનો જન્મદિવસ (૧૮૨૨)
  - બેનજીર ભુટ્ટો પાકિસ્તાનના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે ચૂંટણી લડશે તેવી ઘોષણા કરવામાં આવી. (૨૦૦૭)
  - બોલીવુડ અભિનેતા સલમાન ખાનનો જન્મદિવસ (૧૯૬૫)
- ૨૮ ડિસેમ્બર :
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ વુડ ડ્રો વિલ્સનનો જન્મદિવસ (૧૮૬૫)
  - ભારતીય ઉદ્યોગપતિ સ્વ. ધીરુભાઈ અંબાણીનો જન્મદિવસ (૧૯૩૨)
  - અમેરિકન એક્ટ્રેસ અને સિંગર ડેબિય રોલાન્ડનું અવસાન (૨૦૧૬)
  - ભારતીય કોંગ્રેસનો સ્થાપના દિવસ (૧૮૮૫)
- ૨૯ ડીસેમ્બર :
  - મશહુર સ્પેનિશ મ્યુઝીશિયન પોબ્લો કાસાલનો જન્મદિવસ (૧૮૭૬)
  - મહાન સંગીતકાર પંડિત ઓમકારનાથજી ઠાકુરનો જન્મદિવસ (૧૯૬૯)
  - અમેરીકન અભિનેત્રી મેરી ટેલર મુરનો જન્મદિવસ (૧૯૩૬)
  - ગ્રેટ બ્રિટનના ચાર વખત પ્રાઈમ મિનિસ્ટર રહી ચૂકેલા વિલિયમ ગ્લેન્ડસ્ટોનનો જન્મદિવસ (૧૮૦૯)
- ૩૦ ડીસેમ્બર :
  - અમેરિકન બાસ્કેટ બોલ સુપરસ્ટાર પ્લેયર લી-બોર્ન જેમ્સનો જન્મદિવસ (૧૯૮૪)
  - મહર્ષિ રમણનો જન્મદિવસ (૧૮૭૬)
  - ઈરાકના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ સદામ હુસેન માનવ હત્યા માટે દોષી જાહેર થયાં (૨૦૦૬)
  - ડૉ. વિક્રમ સારાભાઈનું અવસાન (૧૯૭૧)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

કિસાન નેતા રાકેશ ટિકૈતનું વતન કયું નગર છે ?

જવાબ : ઉ.પ્ર.ના મુઝફ્ફરનગર પાસે આવેલ સિસોલી

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) જયેન્દ્ર પ્રસાદ : સે-૬ (૨) ઋજિત રાવલ : સે-૭ડી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) પરાગ એચ. પટેલ (સે-૨૯) (૭) મન ડી પંચાલ : સે-૨૭

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં ઉત્તરપ્રદેશનાં કયા શહેરમાં વડાપ્રધાન દ્વારા ભવ્ય ધાર્મિક આયોજન થયું ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મુકામ પોસ્ટ માયામી !!


આખરે અમે શ્રીમાન બોરિસ જોન્સનને 'રામ રામ' કહી - ઈંગ્લેન્ડથી પ્રસ્થાન કરી, મિ. બાઈડનના દેશમાં આવી પુગ્યાં છીએ. અમેરિકામાંય 'વિન્ટર' તેથી કંઈ અમને લંડનથી ઠંડીથી છૂટકારો નથી મળવાનો. પરંતુ... અહીંના શીતપ્રદેશ ફિલાડેલ્ફિયામાં અમારો પડાવ નંખાય તે પૂર્વે હાલ તો ઈન્ડિયા જેવી જ વેધરવાળા ફલોરિડાના માયામી શહેરના પ્રવાસે છીએ એટલે અહીંનું ૨૪-૨૬ ડીગ્રી ગરમીવાળું વેધર ખુશનુમા લાગે છે... અને અંદર-બહાર બરાબર ગરમ કપડાં ચઢાવવામાંથી મળેલી 'ટેમ્પરરી' મુક્તિનો આનંદ લેતા, ટોપ મોસ્ટ 'વર્લ્ડ ટુરિસ્ટ ડેસ્ટિનેશન' માયામીને મન ભરીને માણી રહ્યા છીએ.


માયામી 'વ્હાઈટ સેન્ડ બીચીસ' (સફેદ રેતીના સમુદ્ર કાંઠાઓ)નું શહેર કહેવાય છે.... માયામી આઈલેન્ડ - ટાપુ હોવાથી શહેરમાં ગમે તે દિશામાં જાવ ફરો, દરિયાદેવનાં દર્શન થાય જ....

બીચ પર સમુદ્ર સ્નાન અને હૂંફાળા સૂર્ય તાપનો લહાવો લેતાં, હિલોડે ચઢેલા સાગરનું દર્શન કરતાં થયું કે સાગર શાંત હોય ત્યાં સુધી ગમે. તોફાની દરિયો જોઈને સૌ ડરે... જેવું સાગરનું, એવું જ માણસનું.

શાંત-સૌમ્ય વ્યક્તિ બધાંને પસંદ પડે - ગમે. વાતવાતમાં ગુસ્સો કરતા, ક્રોધે ભરાતા કે અર્થ વગર મિજાજ ખોઈ બેસતા માણસને બધા નવા ગજના નમસ્કાર જ કરે - એનાથી દૂર રહેવામાં શાણપણ સમજે...

'બીચીસ' નું શહેર છે માયામી પણ નહાવા, બીચ એર્સ પર કલાકો સુધી પડ્યા રહેવા, જોવા - ફરવા - માણવા








માટેના મુખ્ય બીચ તે માયામી બીચ - નોર્થ બીચ - સાઉથ બીચ.... દુનિયા ભરના ટુરિસ્ટોથી છલકાતા, પ્રવાસીઓની ચહલપહલથી ગાજતા વિવિધ વોટર સ્પોર્ટ્સથી ધમધમતા, મોંઘી હોટેલ્સ, ટોપ કલાસ મલ્ટી કુઝીન રેસ્ટોરન્ટ્સ, બાર્સ, કોફી શોપ્સ ને બ્રાન્ડેડ સ્ટોર્સઠી શોભતા આ બીચ... બીજે શિયાળો હોય એટલે જગતભરના પ્રવાસ શોખીનો, ક્રિસમસ વેકેશન' માં માયામીની મુલાકાતે આવે છે... માયામી બીચ ઉપર દુનિયાભરની ફેશન્સ - વસ્ત્રો - જવેલરી - લેડીઝ પર્સ - શૂટ સેન્ડલ્સ - સાથે દરેક વયની માનુનીઓ વિહરતી હોય...



હળવે હૈયે

પ્રકાશ લાલા

ફેશનના નામે અને બીચ ઉપર બાથ માટે અવનવા - શોરેસ્ટ - ટૂંકામાં ટૂંકા બેધિંગ કોસ્યુટમ્સમાં સજ્જ સન્નારીઓને જોઈને ભારતીય સંસ્કૃતિ - સભ્યતા - માન - મર્યાદાના ચુસ્ત ટેકેદારોને તો 'હાર્ટ એટેક' જ આવી જાય... ને આપણા 'બજરંગદળ' વાળાઓને તો અહીં કાયમી ધોરણે ધરણાં ને દેખાવોના કાર્યક્રમો ગોઠવવા પડે.... જો કે અહીં કોઈ કોણે શું પહેર્યું છે, ને શું નથી પહેર્યું - કેવું પહેર્યું છે તેની પરવા કરતું જ નથી. કદાચ આપણે ત્યાં સભ્યતા - સંસ્કારની ચિંતા કરતા ફરતામાં દંભ જોવા મળે છે... અહીં દંભ નથી, જેવા છે ને જે મનને પસંદ પડે છે તે બેપરવા કરે છે... અલબત્ત, આ બંનેમાં શું સારું ને સાચું એ પ્રશ્ન ખરો !!

બીચ પરનું ને આસપાસના વિસ્તારનું વાતાવરણ રંગીન લાગે... સાથે સાથે બીચ ઉપરના વોક વે પર પાંચ વર્ષનાં ટાબરિયાથી લઈને સિત્તેર વર્ષનાં દાદા-દાદીને ચાલતા, દોડતા, સાઈકલીંગ કરતાં, સ્કેટીંગ કરતા જોઈને તો આપણને ય હેંડી કે દોડી નાખવાની અચુક ચાનક ચડી જાય એવું જુસ્સાભર્યું ય હોય છે...

અમારાં શ્રીમતીજીને દુનિયા જોવી ગમે.... પરદેશમાં ઠેર-ઠેર ફરવું ય બહુ ગમે... એટલે માયામીની બીચ, અહીંની ડિઝાઈન ડ્રસ્ટીક્ટ, વીનવુડ, વોલ્સ, લીટલ હવાના બધું જોઈને રાજી રાજી થઈ ગયાં... પણ માયામી બીચ ઉપર ફર્યા, પછી અને આસપાસની સ્ટ્રીટ્સમાં લટાર માર્યા પછી 'પેટપૂજા'નો ટાઈમ થતાં કહે : 'કોઈ પ્યોર વેજીટેરિયન રેસ્ટોરન્ટ શોધોને ....' અહીં સી ફૂટને નોનવેજની વાસથી મને ઉબકા આવે છે....' હવે જયાં દુનિયાભરના સહેલાણીઓ આવતા હોય એ સિટીમાં અને એમાંય માયામી બીચ એરિયામાં 'શુદ્ધ શાકાહારી ભોજનાલય' માટેનો એમનો આગ્રહ જોઈ હસવું કે રડવું તે અમને કોઈને સમજાયું નહીં.... વિદેશે મહાલવું ય છે ને જમવા પ્યોર વેજ રેસ્ટોરન્ટ જોઈએ છેએ વાત અમને 'હસવું ય છે ને લોટ ફાકવા છે' જેવી લાગી !!

માયામીમાં અલગ અલગ ટુરિસ્ટ પોઈન્ટ્સ પર ફરતા, પ્લાઝાના રેસ્ટોરેન્ટ્સમાં જમતા, બ્રાન્ડેડ શોપ્સમાં શોપિંગ કરતા બીચ ઉપરના બાર્સમાં બેસી બિયર ને વ્હીસ્કી - વાઈનના જામ ભરતા લોકોને જોઈને થાય કે આ નર્યો ભૌતિકવાદીઓનો જ પ્રદેશ છે. અહીં આવનારા લોકોનું જાણે કે એક જ જીવનસુત્ર છે : 'ડીંક ઈટ એન્ડ બી મેરી...!!'

હાં, માયામી ફર્યા પછી અમને ગાંધીનગર યાદ આવી ગયું... ના, ના... ગાંધીનગરમાં 'ખાવો - પીવો - મજા કરો...' કલ્ચરલ નથી સંદર્ભે નહીં... નગર આયોજન સંદર્ભે... જેમ આપણે ત્યાં ઊભા રોડ ક-ખ-ગ-ઘ-ચ ને આડા રોડ નંબર ૧-૨-૩-૪-૫ વગેરે છે એમ અહીં એક ઊભો રોડ તે કોલિન એવન્યુ ને બીજો વોશિંગ એવન્યુ ને બંને ક્રોસ કરતી ૧ થી ૨૦૦ જેટલી સ્ટ્રીટ્સ... એના પડતા ચોકઠામાં મકાનો, દુકાનો, પાર્ક - ગાર્ડન્સ ને ફરતે સી, સી-બીચ, બે (Bay) કે ક્રીક...

માયામીમાં 'ડિઝાઈનર ડિસ્ટ્રીકટ' એરિયા એટલે જવેલરી, ગાર્મેન્ટ્સ, સૂઝ, વોચીસ અને જેન્ટ્સ - લેડિઝ એક્સેસરીઝની વર્લ્ડ ટોપ 'બ્રાન્ડેડ શોપ્સ'ની સ્ટ્રીટ્સ જેની નામાંક્તિ ડિઝાઈનરોએ આપણે જોતા જ રહી જઈએ એવી અવનવી રીતે કરેલી સજાવટ. તો નેબરહૂડ 'લીટલ હવાના'માં ક્યુબિયન (ક્યુબા)નું કલ્ચરલ - હેરિટેઝ - સાચવી રાખતાં ઘરો, દુકાનો, ડાન્સ - મ્યુઝિક તથા વિશેષ તો મિ. વિન્સ્ટન ચર્ચીલના મોં માં કાયમ જોવા મળતી 'સિગાર' ના હસ્તઉદ્યોગ જોયા. 'વીનવુડ વોલ્સ્' તો રંગોને ચિત્રકારથી ભર્યો ભર્યો વિસ્તાર, જયાં બધાં મકાનો, શોપ્સની દીવાલો પેઈન્ટીંગથી શણગારેલી ખરી જ પણ એક એવો 'ઓપનએર વોલ્ડ' પ્લાઝા જયાં ઊભી કરાયેલી દીવાલો પર વિવિધ દેશોનાં પાંગરતા અને નીવડેલા કલાકારોએ સર્જેલા ને સર્જાતા રહેતાં વિવિધ 'થીમ' પરતાં - અને એબેસ્ટ્રેક્ટ પેઈન્ટિંગ માણવા મળે છે.... સાથે આર્ટ આર્ટિકલ્સ, બુક્સ અને સુવેનિયર શોપ્સ પણ ખરી જ... અહીં ફૂટપાથ પર બેસીને ચિત્રો સર્જતા ને વેચતા આર્ટીસ્ટને મળવાની ય મજા પડે....

આ બધું જોઈને થાય કે જગતમાં રુટિનથી 'હટીને' જો પોતાના શોખ- હોબીમાં વ્યસ્ત કેવા ક્રેઝી કલાકારો પડ્યા છે અને કેવી કેવી પ્રવૃત્તિઓ થતી રહે છે !

માયામીમાં છ દિવસ કયાં પસાર થઈ ગયા ખબર જ ના પડી !!